# Visit of External Affairs Minister to New York to chair India's Presidency Initiatives in the UN Security Council (16-19 August 2021)

August 15, 2021

---

# યુએન સિક્યોરિટી કાઉન્સિલ ખાતે ભારતના પ્રમુખપદની પહેલનું અધ્યક્ષપદ સંભાળવા વિદેશમંત્રી ન્યૂયોર્કની મુલાકાતે (16-19 ઓગસ્ટ 2021)

ઓગસ્ટ 15, 2021

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલ (યુએનએસસી) ખાતે ભારતના પ્રમુખપદ દરમિયાન ન્યૂયોર્કની મુલાકાત લેશે તથા 18 અને 19 ઓગસ્ટે બે ઉચ્ચ સ્તરીય સિગ્નેચર કાર્યક્રમમાં અધ્યક્ષપદ સંભાળશે. 18 ઓગસ્ટ, 2021ના રોજ પ્રથમ કાર્યક્રમ એ 'રક્ષકોનું રક્ષણ- ટેક્નોલોજી અને શાંતિનું રક્ષણ' અંગે ઓપન ડિબેટ હશે. 19 ઓગસ્ટ, 2019ના રોજ યોજાનારો બીજો કાર્યક્રમ "ત્રાસવાદી પ્રવૃત્તિઓના કારણે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા પર જોખમ" અંગે ઉચ્ચ સ્તરીય બ્રિફિંગ હશે. આ બંને વિષયો યુએનએસસી ખાતે ઈનિંગ્સ દરમિયાન ભારતની પ્રાથમિકતાઓ રહેશે.

2. શાંતિ સ્થાપના માટેની ઓપન ડિબેટ 'રક્ષકોના રક્ષણ' વિષય પર કેન્દ્રિત હશે. જેમાં શાંતિ સૈનિકોની સુરક્ષા અને સુરક્ષા વધારવા માટે આધુનિક ટેક્નોલોજી ઉપકરણોના ઉપયોગ દ્વારા શાંતિ મિશનને તેમનો જનાદેશ અસરકારક રીતે અને પ્રભાવશાળી રીતે લાગુ કરવામાં સહાયતાનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં યુએન સાથે મળીને ભારત યુનાઈટ અવેરનેસ પ્લેટફોર્મ બહાર પાડશે, જે એક પરિસ્થિતી જાગૃતિ સોફ્ટવેર પ્રોગ્રામ છે જે પિસકીપિંગ ઓપરેશન સેન્ટરને વાસ્તવિક સમયના આધારે સંઘર્ષ ક્ષેત્રમાં જમીનની પરિસ્થિતિની કલ્પના અને વિશ્લેષણ કરવાની સુવિધા આપે છે. આ પ્રોજેક્ટનો હેતુ અનિશ્ચિત જોખમો અંગે આધુનિક સર્વેલન્સ ટેક્નોલોજીની અસર દર્શાવવાનો છે. તેને ઉદ્દેશ યુએન શાંતિ રક્ષકો માટે કેમ્પ સુરક્ષા, એકંદર સુરક્ષા પરિસ્થિતિ અને પરિસ્થિતિગત જાગૃતિની ગુણવત્તા સુધારવાનો છે. ભારતે ચાર યુએન પીસકીપિંગ મિશનમાં યુનાઈટ અવેર પ્લેટફોર્મને લાગુ કરવા માટે યુએન સાથે ભાગીદારી કરી છે. તેમાં મુનિસ્મા (માલી), અનમિસ (દક્ષિણ સુદાન), યુએનએફઆઈસીવાયપી (સાયપ્રસ) અને એએમઆઈએસઓએમ (સોમાલિયા) સામેલ છે.

3. ભારત સરકાર અને યુએન વચ્ચે 'પીસકીપિંગમાં ટેક્નોલોજીમાં ભાગીદારી' પહેલના સમર્થનમાં એક એમઓયુ પર મુલાકાત દરમિયાન સહી થવાની અપેક્ષા છે. આ એમઓયુ માટે એક્ઝિક્યુટિવ એજન્સીઓ તરીકે સેન્ટર ફોર યુએન પીસકીપિંગ (CUNPK - ભારતીય પક્ષે) અને યુએનની બાજુએ UN C4ISR એકેડેમી ફોર પીસ ઓપરેશન્સ (કમાન્ડ, કંટ્રોલ, કોમ્યુનિકેશન્સ, કોમ્પ્યુટર્સ, ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને રિકોનિસન્સ) એન્ટેબી (યુગાન્ડા) પર આધારિત હશે.

4. 19 ઓગસ્ટે ઈએએમ યુએન સેક્રેટરી જનરલના છ મહિનાના રિપોર્ટ અંગે એક બ્રિફિંગ સત્રનું અધ્યક્ષપદ સંભાળશે

જે આઈએસઆઈએલ/દાએશ દ્વારા પેદા થયેલા જોખમ અંગે હશે અને તે એજન્ડા આઈટમ "ત્રાસવાદી પ્રવૃત્તિઓના કારણે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા સામે પેદા થયેલા જોખમ" હેઠળ હશે.

5. આ મુલાકાત દરમિયાન વિદેશમંત્રી યુએનએસસીના ઉચ્ચ સ્તરીય કાર્યક્રમોની સાઈડલાઈનમાં અન્ય સભ્ય દેશોના વિદેશમંત્રીઓ સાથે દ્વિપક્ષીય મુલાકાતો કરશે.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 15, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.